| Candidate Name | Centre Number | Candidate Number |
|---|---|---|
| | | |

OCR
RECOGNISING ACHIEVEMENT

**OXFORD CAMBRIDGE AND RSA EXAMINATIONS**

**General Certificate of Secondary Education**

# GUJARATI

**1927**

READING
HIGHER TIER

**SPECIMEN PAPER 2003**

Candidates answer on the question paper.
Additional materials:
None

**TIME** 50 minutes

**INSTRUCTIONS TO CANDIDATES**

Write your name, Centre number and candidate number in the spaces at the top of this page.

Answer **all** the questions.

Write your answers in the spaces provided on the question paper.

**INFORMATION FOR CANDIDATES**

The number of marks is given in brackets [ ] at the end of each question or part question.

Total number of marks for this paper is 50.

No dictionaries allowed.

| FOR EXAMINER'S USE | |
|---|---|
| Section 2 | |
| Section 3 | |
| TOTAL | |

**This question paper consists of 9 printed pages and 1 blank page.**


© OCR 2000
Registered Charity Number: 1066969
[Turn over

## Section 2

### Exercise 1: Questions 1 – 5

નીચેનો લેખ વાંચો.

## આ રસ્તો કયારે સુધરશે ?

ગુજરાતમાં હળિયાદથી રામપુર જવાનો રસ્તો બહુ ખરાબ છે. રસ્તામાં ઘણા બધા ખાડાટેકરા થઈ ગયા છે. કયાંક એવા અણીદાર પથ્થર બહાર નીકળ્યા છે કે વાહનો બગડી જાય છે. દશ કિલોમીટરનો આ રસ્તો સાવ ધીમેથી પસાર કરવો પડે છે. લોકો બહુ ફરિયાદ કરે ત્યારે સરકાર થોડાક ખાડા પૂરી દે એટલે રસ્તો સમો થઈ ગયાનું કહેવાય. પણ થોડા સમયમાં ફરી એ જ હાલત થઈ જાય છે. આ વિષે તપાસ કરવાની માંગણી લોકોએ કરી છે.

નીચેના સવાલોના સાચા જવાબ સામે (√) કરો.

દાખલો

હળિયાદથી રામપુરનો રસ્તો

ક) ચાલે એવો છે. ☐

ખ) કાચો છે. ☐

ગ) ખરાબ છે. ☑ (√)

૧. અમુક જગાએ

ક) મોટા પથ્થર છે. ☐

ખ) અણીવાળા પથ્થર છે. ☐

ગ) નાના પથ્થર છે. ☐

[1]

૨. તેનાથી

ક) અકસ્માતો થાય છે. ☐

ખ) ગાડી જલદી ચલાવવી પડે છે. ☐

ગ) ગાડી બગડી જાય છે. ☐ [1]

૩. આ રસ્તો

ક) ૧૦ કિલોમીટર લાંબો છે. ☐

ખ) ૧૫ કિલોમીટર લાંબો છે. ☐

ગ) ૨૦ કિલોમીટર લાંબો છે. ☐ [1]

૪. સરકાર આ રસ્તાને

ક) કોઈક જ વખત સમો કરે છે. ☐

ખ) વારે વારે સમો કરે છે. ☐

ગ) કદી સમો કરતા નથી. ☐ [1]

૫. લોકો

ક) થાકી ગયા છે. ☐

ખ) ખૂબ રાજી છે. ☐

ગ) વધુ તપાસ માંગે છે. ☐ [1]

[Total : 5 marks]

**Exercise 2: Questions 6 – 8**

Read the advice column below from a Gujarati newspaper and answer questions asked by your English friend who does not understand Gujarati.

ગુજરાતી છાપામાં નીચેનો સલાહ વિભાગ વાંચો.



પ્રશ્નઃ

**સૌંદર્યલક્ષી પ્રશ્નો**

**રીટાબહેન પટેલ**

ઉત્તરઃ

શ્રીમતી રીટાબહેન

હું પંદર વર્ષનો શરમાળ યુવક છું. મારાં માતાપિતા એમ માને છે કે આપણી રીતભાત સમજવા મારે તેઓ સાથે બધાં સગાંઓને ત્યાં હમેશાં જવું. મને સગાંઓને મળવું ગમે છે પરંતુ મારો અભ્યાસ હું સમયસર કરી શકતો નથી. તેમ જ મારા શોખો માટે મારાથી કયાંય ભાગ લેવાતો નથી. મારે મારાં માતાપિતાને નારાજ કરવાં નથી. સલાહ આપો કે હું શું કરું ?

લિ. જયેશ.

જયેશભાઈ

તમે શરમાળ છો એ બરાબર. પણ સગાંઓને મળવાથી તમને ચોકકસ ફાયદો થતો હશે. હું માનું છું કે અઠવાડિયાનો એક દિવસ તમે સગાંઓ માટે રાખો. તમે તમારાં માતાપિતાને સમજાવો કે બાકીના દિવસો તમારા અભ્યાસ અને શોખો માટે જરૂરી છે. તેઓ જરૂર સમજશે.

લિ. રીટાબહેન

Answer the questions below in English.

| | | |
|---|---|---|
| **Example:** | Question: | What is Jayesh like? |
| | Answer: | He is shy. |

**6** Why do Jayesh's parents believe he should visit his relatives?

______________________________________________________________________

______________________________________________________________________[1]

**7** Why is Jayesh not happy about this?

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________[2]

**8** What advice does Ritaben give him?

______________________________________________________________________


______________________________________________________________________

______________________________________________________________________[2]

[Total : 5 marks]

## Exercise 3: Questions 9 – 18

નીચેની સૂચના વાંચો




### ફોનકાર્ડ વાળા જાહેર ટેલિફોન કઇ રીતે વાપરશો ?

કોઈ પણ ટપાલકચેરીમાંથી કાર્ડ મળી શકે છે. ટેલિફોન કરવો હોય તો પહેલાં રિસીવર ઉપાડવું. ત્યાર બાદ કાર્ડની બતાવેલી જગાએ કાર્ડ નાખવું. કાર્ડ અંદર બરાબર ગયું છે તે ચોકકસ કરવું.

જે નંબર જોઈતો હોય તે જોડવો. અને સામેની વ્યકિત જવાબ આપે ત્યારે વાત કરવી. ટેલિફોન ચાલુ હોય તેટલી વાર કાર્ડને અંદર જ રહેવા દેવું. તમે વાત કરતા હો ત્યારે જલદી જલદી પડતા ટકોરા સાંભળો તો કાર્ડના પૈસા પૂરા થઇ ગયા છે તેમ સમજવું. વાત ચાલુ રાખવા માટે કાર્ડની જગાની ઉપર બટન છે તે દબાવવું અને જૂનું કાર્ડ કાઢી લેવું. પછી નવું કાર્ડ પહેલાંની જેમ જ અંદર મૂકવું અને આમ વાત ચાલુ રાખી શકાય.

વાત પૂરી થઇ જાય ત્યારે રિસીવર એની જગાએ મૂકવું અને કાર્ડ પાછું લઇ લેવું.

**Exercise 3: Questions 9 – 18**

ચોકઠામાં આપેલા શબ્દો ખાલી જગામાં લખો. જરૂર કરતાં વધારે શબ્દો આપેલા છે.

| | | | | |
|---|---|---|---|---|
| નંબર | જગામાં | બહાર | કાર્ડ | અંદર |
| નવું | રાખીને | ટપાલકચેરીમાંથી | વાત | |
| બટન | રિસિવર | સરખું | જૂનું | |

દાખલો :

આ ટેલિફોન વાપરવા ....કાર્ડ........ જોશે.

૯. કાર્ડ કોઈ પણ ............... ખરીદો. [1]

૧૦. .............. ઉપાડો. [1]

૧૧. કાર્ડને તેની .............. નાખો. [1]

૧૨. કાર્ડ ............. અંદર ગયું છે તે જૂઓ. [1]

૧૩. જોઈતા .............. લગાવો. [1]

૧૪. વાત કરતાં હો ત્યાં સુધી કાર્ડને .............. રહેવા દો. [1]

૧૫. ટકોરા વાગે ત્યારે .............. દબાવો. [1]

૧૬. .......... કાર્ડ બહાર કાઢી લો. [1]

૧૭. .......... કાર્ડ અંદર મૂકીને વાત ચાલુ રાખો. [1]

૧૮. છેલ્લે રિસિવર તેની જગામાં .............. કાર્ડ પાછું લઈ લો. [1]

[Total : 10 marks]

## Section 3

### Exercise 1: Questions 1 – 5

ઉનાળામાં ખોરાક, કપડાં અને નાહવાની સલાહ વાંચો.

## તાજગી અને શીતળતાનો અનુભવ કરો

* શકય હોય ત્યાં સુધી લીલાં શાકભાજી જ લો. તાજા કચુંબરમાં પાણી અને વિટામિન સારા પ્રમાણમાં હોય છે એટલે તે લાભદાયક છે.

* તમારા રોજિંદા ખોરાકમાં પ્રવાહી ખોરાક વધુ લો. છાશ, લીંબુનું શરબત તથા નાળિયેર અને કાચી કેરીનું પાણી ગરમીને હટાવે છે.

* તેલમાં તળેલા ખોરાકને ટાળો. ભજિયાં, વડા અને તીખી તમતમતી દાળ ચોમાસા અને શિયાળાનો ખોરાક છે.

* હળવાં સુતરાઉ કપડાં જ પહેરો. પરસેવાથી ચોંટી જતું બનાવટી કાપડ ન વાપરો.

* ખુલ્લા ચંપલ સ્ત્રીઓ માટે આ મોસમમાં શ્રેષ્ઠ પગરખાં છે. પુરુષોએ જોડાની અંદર સુતરાઉ મોજાં પહેરવાં જોઈએ.

* રાત્રે સૂતાં પહેલાં નાહી લો. તાજગીનો અનુભવ ઊંઘવામાં મદદ કરશે.

* તમારા નહાવાના પાણીમાં કોલોનના થોડાંક ટીપાં નાખો. એની તાજગીભરી સુગંધ ગરમી અને થાક બંનેને હટાવશે.

### Exercise 1: Questions 1 – 5

નીચેના સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.

દાખલોઃ સવાલઃ આ લેખ તમને શું ખાવાની સલાહ આપે છે ?

જવાબઃ લીલાં શાકભાજી

૧. તાજું કચુંબર ખાવાથી શું ફાયદા થાય છે ?

______________________________________________________________

______________________________________________________________[2]

૨. ઠંડક માટે શું શું લેવું જરૂરી છે ?

______________________________________________________________

______________________________________________________________[2]

૩. બનાવટી કાપડ પહેરવાથી શું મૂંઝવણ થઈ શકે ?

______________________________________________________________[1]

૪. પગની ઠંડક માટે શું શું સલાહ આપેલી છે ?

ક) બહેનો માટે :

______________________________________________________________[1]

ખ) ભાઈઓ માટે :

______________________________________________________________[1]

૫. રાત્રે સરખો આરામ મળે તે માટે શું કરવું જોઈએ ?

______________________________________________________________

______________________________________________________________[2]

[Total : 9 marks]




**[Turn over**

**Exercise 2: Questions 6 – 8**

Your friend has printed off this article from a Gujarati website and wants you to answer his/her questions.



## અજંતા અને ઈલોરા



પહેલી ગુફાનું બહારથી દૃશ્ય


ભારતમાં મહારાષ્ટ્રનો પ્રવાસ કરવાના હો તો અજંતા અને ઈલોરાની અદભૂત ગુફાઓ જોવાનું ચૂકશો જ નહીં. અજંતા, ઈલોરા અને આજુબાજુની જગાઓ જોવા જાઓ ત્યારે રહેવા માટેનું એક બહુ જ અનુકૂળ મધ્ય સ્થાન ઔરંગાબાદ છે. તે ઉત્તર મહારાષ્ટ્રનું મોટામાં મોટું શહેર છે તેમ છતાં ત્યાંનાં બીજાં શહેરોની સરખામણીમાં તે ગિરદી વગરનું અને શાંત છે.

ઔરંગાબાદ વિમાનથી, ટ્રેનથી અથવા બસથી પહોંચી શકાય. વિમાનથી તે દિલ્હી, ઉદયપુર, જયપુર અને મુંબઈ સાથે સીધું જોડાયેલું છે. મુંબઈથી ત્યાં દરરોજ જઈ શકાય અને ભાડું રૂ.૧૩૬૦ છે.

દિવસની બસમાં મુંબઈથી પૂના થઈને જવાય. તેમાં સમય વધારે લાગે પરંતુ રાતની એશઆરામવાળી બસમાં ઘણી સગવડ મળે છે અને બાર કલાકની જ સફર થાય.

ટ્રેન મુંબઈથી દરરોજ બે વખત ઉપડે છે પરંતુ તેમાં જગા મળવી મુશ્કેલ છે એટલે બહુ વહેલેથી નામ નોંધાવવું જરૂરી છે. તેનું બીજા વર્ગનું ભાડું રૂ.૮૮ અને પહેલા વર્ગનું રૂ.૧૯૯ છે.

અજંતાની ગુફાઓનો નકશો



Answer the questions below in English.

| Example: | |
|---|---|
| Question: | What important tourist sites are there in Maharashtra? |
| Answer: | Caves in Ajanta and Ellora |

**6** What is Aurangabad recommended for and why?

______________________________________________________________

______________________________________________________________[2]

**7** Which bus service would you choose between Mumbai and Aurangabad and why?

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________[2]

**8** What are you advised to do if travelling by train to Aurangabad?

______________________________________________________________[1]

[Total : 5 marks]

**Exercise 3: Questions 9 – 15**

ગુજરાતી મેગેઝીનમાં તમે નીચેનો લેખ વાંચો છો.

# પ્રવાસ ક્ષેત્રે ડિપ્લોમા અને ડિગ્રી કાર્યક્રમ શરૂ કરતી ઈંદીરા ગાંધી ઑપન યુનિવર્સિટી

પ્રવાસથી મનુષ્યની દ્રષ્ટિ વિશાળ બને છે. વહેતાં ઝરણાં, નદીઓ, ઊંચા પહાડો, ગાઢ જંગલ જોઈને મનને આરામ મળે છે. ભારતમાં પ્રવાસ ઉદ્યોગ બીજા નંબરનો મોટો ઉદ્યોગ છે. ઈ.સ. ૨૦૦૧માં ચાલીસ લાખ પ્રવાસીઓ ભારતની મુલાકાત લે અને એ દ્વારા રાષ્ટ્રને સારી એવી વિદેશી નાણાંની કમાણી થાય તેવી ગણતરી છે.

ગુજરાત સરકારે પ્રવાસ ઉદ્યોગ વધારવા અનેક પ્રોત્સાહન જાહેર કર્યા છે. ઈંદીરા ગાંધી ઑપન યુનિવર્સિટીની ૧૯૯૫માં દશમી જયંતી વખતે પ્રવાસ અંગે બે મહત્વના કાર્યક્રમ શરૂ કર્યા છે. તે પહેલાં ત્યાં પ્રવાસ અંગેનો ફકત છ મહિનાનો અભ્યાસક્રમ હતો. તેમાં વધારો થઈને એક વર્ષનો ડિગ્રી કોર્સ શરૂ કરાયો છે.

આ ત્રણે અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી છે. જો કે વિદ્યાર્થી પોતાનું લખાણ તથા પરીક્ષા હિંદીમાં આપી શકે છે. આ બધા અભ્યાસક્રમોના નિમિત્ત કરેલા સમય છે પણ જરૂર પ્રડે તો વિદ્યાર્થીઓને વધુ સમય આપવામાં આવે છે.

ઈંદીરા ગાંધી ઑપન યુનિવર્સિટીના બધા કોર્સમાં બહેનોને સંપૂર્ણ ફી માફી છે.

હવે નીચેના સવાલો વાંચીને એક જ સાચા જવાબ સામે (√) મૂકો.

દાખલો

| | | | |
|---|---|---|---|
| સવાલઃ | પ્રવાસથી લોકોને કઈ રીતે ફાયદો થાય છે ? | | |
| જવાબઃ | ક) | જ્ઞાન વધે છે | ..✓... |
| | ખ) | મન મજબૂત બને છે | ....... |
| | ગ) | આત્મ વિશ્વાસ વધે છે | ....... |

૯. જુદી જુદી જગાઓ જોવાથી મનને શું મળે છે ?

ક) શાંતિ .......
ખ) ચેતન .......
ગ) કસરત ....... [1]

૧૦. પ્રવાસ ઉદ્યોગમાંથી શું મેળવવાનું ભારતનું ધ્યેય છે ?

- ક) બધાં ભારતીઓને ઉત્તેજન આપવા .......
- ખ) બધા ભારતીઓ પાસેથી પૈસા ભેગા કરવા .......
- ગ) પરદેશીઓ પાસેથી કમાણી કરવા ....... [1]

૧૧ પ્રવાસ ઉદ્યોગ વધારવા ગુજરાત સરકારે શું કર્યું છે ?

- ક) ઘણા અખતરા કર્યા છે .......
- ખ) ઘણાં નાટકો કર્યાં છે .......
- ગ) ઘણાં ઉત્તેજનો આપ્યાં છે ....... [1]

૧૨ ૧૯૯૫ની સાલમાં ઈંદીરા ગાંધી ઓપન યુનિવર્સિટીએ કેટલાં વર્ષ ઉજવ્યાં ?

- ક) ૧૦ .......
- ખ) ૨૫ .......
- ગ) ૧૦૦ ....... [1]

૧૩ પ્રવાસ કોર્સનું શિક્ષણ કઈ ભાષામાં અપાશે ?

- ક) ગુજરાતીમાં .......
- ખ) અંગ્રેજીમાં .......
- ગ) હિંદીમાં ....... [1]

૧૪ બધા કોર્સમાં સમયની મર્યાદા કેટલી અપાયેલી છે ?

- ક) મુદત કરતાં વધારે .......
- ખ) મુદત કરતાં ઓછી .......
- ગ) મુદત જેટલી જ ....... [1]

૧૫ આ યુનિવર્સિટીના કોર્સમાં બહેનોને

- ક) ૧૦૦% ફી ભરવાની .......
- ખ) ૫૦% ફી ભરવાની .......
- ગ) ૧૦૦% ફી માફી ....... [1]

[Total : 7 marks]

**Exercise 4: Questions 16 – 19**

**નીચેનો લેખ વાંચો**

# ગરમી વધી રહી છે તેવે વખતે વૃક્ષોનું મહત્વ ઘણું છે

દુનિયાનું પર્યાવરણ બદલાઈ રહ્યું છે. દર વર્ષે આપણે વધુ ને વધુ પ્રમાણમાં ગરમી અનુભવીએ છીએ. આ માટે માનવી જ જવાબદાર છે.

જે વૃક્ષો હવાને શુદ્ધ કરે છે અને ભેજ છોડીને ઠંડક આપે છે તે વૃક્ષો આપણાં શહેરોને વસાવવા માટે કપાતાં જાય છે. આપણે મકાનો બાંધવા અને કારખાનાંઓ ચલાવવા જંગલોનો નાશ કરીએ છીએ. કાગળનો ઘણી વખત દુરઉપયોગ થાય છે. તે કાગળ બનાવવા માટે કેટલાં જંગલોનો નાશ કરાય છે તેનો વિચાર આપણે કદી કરીએ છીએ!

બધા દેશોના ખેડુતો વધુ વૃક્ષો રોપીને તેનો પૂરજોશમાં ફેલાવો કરે અને સાથે સાથે નવા ઉદ્યોગો વસાવવાની ગતિ ધીમી પડે તો વધી રહેલી ગરમીને રોકી શકાય. ભારતમાં ઝાડો રોપવાનો ઉત્સવ દર વર્ષે જુલાઈમાં ઉજવાય છે અને તે ઉજવણી આખો મહિનો ચાલે છે પરંતુ આ ઝાડને મોટાં થતાં ઘણો સમય લાગે.

વૃક્ષો પાણીને પણ કાબૂમાં રાખે છે. ચોમાસામાં પાણીની ગતિને ધીમી કરી તે પૂરને રોકે છે. પાણીને જમીનમાં સંઘરે છે અને સૂકી ઋતુમાં ઝાડો તે પાણીને નદી, ઝરણાં કે કૂવાને પહોંચાડે છે. ભારતમાં દર વરસે પુષ્કળ વરસાદ પડે છે. એમાંનું અડધું જમીનના ઉપલા ભાગમાં રહે છે. વેરાન ભૂમિમાં એ પાણી ઉડી જાય છે જ્યારે વનવાળા પ્રદેશોમાં મહિનાઓ સુધી આ ભેજ જળવાઈ રહે છે. વળી જે પાણી જમીનમાં ઊંડું ઊતરી જાય છે તે પથ્થર કે ખડક પાસે ભેગું થાય છે. ઝાડનાં મૂળ આ પાણીને પાછું ઉપર ખેંચી લાવે છે. આ રીતે ઝાડ પાણી ખેંચતો કુદરતી પંપ બને છે.

નીચેના સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.

| | | |
|---|---|---|
| દાખલોઃ | સવાલઃ | દુનિયાનું પર્યાવરણ કઈ રીતે બદલી રહ્યું છે ? |
| | જવાબઃ | ગરમી વર્ષે વર્ષે વધતી જાય છે. |

૧૬. પર્યાવરણના ફેરફાર માટે મનુષ્ય કઈ રીતે જવાબદાર છે ?

______________________________________________

______________________________________________[2]

૧૭. પર્યાવરણને બદલાતું અટકાવવા માટે શું શું કરવું જરૂરી છે ?

______________________________________________

______________________________________________[2]

૧૮. ભારતમાં તે માટે શું પગલા લેવાય છે ?

______________________________________________[1]

૧૯. આ લેખમાં પર્યાવરણ માટે ઝાડની શી શી ઉપયોગિતા દર્શાવાયેલી છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________[4]

[Total : 9 marks]

BLANK PAGE

OXFORD CAMBRIDGE AND RSA EXAMINATIONS

General Certificate of Secondary Education

# GUJARATI

1927

READING

HIGHER TIER

MARK SCHEME

**SPECIMEN PAPER 2003**


© OCR 2000

Registered Charity Number: 1066969

[Turn over

## Section 2

**Exercise 1: Questions 1 – 3**

| Accept | | Reject |
|---|---|---|
| ૧. ખ | 1 | if more than one box ticked |
| ૨. ગ | 1 | |
| ૩. ક | 1 | |
| ૪. ક | 1 | |
| ૫. ગ | 1 | |
| | 5 | |

**Exercise 2: Questions 4 – 6**

| Accept | | Reject |
|---|---|---|
| **6** because they believe that it would help him to understand his culture / way of living / traditions / style of living | 1 | to be smart / to take away the shyness / to learn manners to improve his / behaviour |
| **7** He gets left behind in his studies; He can't concentrate on his work / does not get time for his work | 1 | |
| He does not get time for his hobbies (Accept anything similar) | 1 | |
| **8** He should keep one day a week for visiting relatives; and explain to the parents / negotiate with the parents that he needs the rest of the week for his studies and his interests. | 1 | |
| | 5 | |

**Exercise 3: Questions 9 – 18**

| Accept | | Reject |
|---|---|---|
| **9** ટપાલકચેરીમાંથી | 1 | if words from the text instead of those given in the box |
| **10** રિસિવર | 1 | |
| **11** જગામાં | 1 | |
| **12** સરખું | 1 | |
| **13** નંબર | 1 | |
| **14** અંદર | 1 | |
| **15** બટન | 1 | |
| **16** જૂનું | 1 | |
| **17** નવું | 1 | |
| **18** રાખીને | 1 | |
| | 10 | |

## Section 3

### Exercise 1: Questions 1 – 5

| Q | Accept | Mark | Reject |
|---|---|---|---|
| 1 | પાણી ; અને વિટામિન મળે | 2 | |
| 2 | છાશ ; લીંબુનું શરબત ; નાળિયેરનું પાણી ;કાચી કેરીનો રસ (Accept any 2) | 2 | |
| 3 | પરસેવાથી શરીર પર ચોંટી જાય | 1 | |
| 4 | ક) ચંપલ પહેરવા | 1 | |
| | ખ) જોડાની અંદર સુતરાઉ મોજાં પહેરવા | 1 | |
| 5 | સુતાં પહેલાં નહાવું ; | 1 | |
| | પાણીમાં કોલોન નાખવું | 1 | |
| | | 9 | |

### Exercise 2: Questions 6 – 8

| Q | Accept | Mark | Reject |
|---|---|---|---|
| 6 | To make it a <u>base</u> to visit Ajanta and Ellora; | 1 | It is a good tourist place there are nice sights to see |
| | because it is the biggest town in north Maharashtra and yet / peaceful / not overcrowded | 1 | |
| 7 | The luxury night bus because there are good facilities on it. / takes less time | 2 | day bus because good facilities |
| 8 | Book well in advance | 1 | Book early in the morning<br>go early to get a set |
| | | 5 | |

### Exercise 3: Questions 9 – 15

| Q | Accept | Mark |
|---|---|---|
| ૯. | ક | 1 |
| ૧૦. | ગ | 1 |
| ૧૧. | ગ | 1 |
| ૧૨. | ક | 1 |
| ૧૩. | ખ | 1 |
| ૧૪. | ક | 1 |
| ૧૫. | ગ | 1 |
| | | 7 |

**Exercise 4: Questions 16 – 19**

| | | |
|---|---|---|
| ૧૬. આપણા પર્યાવરણમાં જે ઝાડો હવાને શુદ્ધ કરે છે તે આપણે શહેરોમાં સગવડો માટે અને ઉદ્યોગો વિકસાવવા માટે કાપીએ છીએ. | 2 | |
| ૧૭. ખેડુતો વૃક્ષો રોપે; પૂરજોશમાં તે વૃક્ષોનો ફેલાવો કરવામાં આવે; ઉદ્યોગો વસાવવાની ગતિ ધીમી પાડવી.<br>(accept any 2) | 2 | |
| ૧૮. દર વર્ષે ઝાડ રોપવાનો ઉત્સવ ઉજવાય છે. | 1 | |
| ૧૯. હવાને ચોખ્ખી કરે છે ;<br>ઝાડ પાણીનો ભેજ હવામાં છોડીને ઠંડક આપે છે /ગરમી ઓછી કરી શકે;<br>ચોમાસામાં પૂરને રોકે છે ;<br>પાણીને જમીનમાં ભેગું કરે છે ;<br>સૂકી મોસમમાં સંઘરેલું પાણી નદી, કૂવા કે ઝરણાંને પહોંચાડે છે. ;<br>પથ્થર કે ખડક પાસે ભેગું થયેલું પાણી હોય તેને ઝાડના મૂળિયા પંપની જેમ ઉપર ખેંચી લાવે છે;<br>(Accept any four points) | 4 | વૃક્ષો પાણીને કાબુમાં રાખે છે. |
| | 9 | |

**Note: When responses are required in Gujarati in all the three Sections, only communication is being looked at. Grammar and accuracy are not marked. Candidates are not penalised for errors in spelling unless it obstructs communication – when in doubt sound it out.**